# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-04-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## CM-ફિક્કીના 100 વર્ષની ઉજવણી :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ભારતીય વેપાર અને ઉદ્યોગ મહામંડળ – ફિક્કીની સ્થાપનાના **100** વર્ષની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે ફિક્કીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકને સંબોધતાં તેમણે દેશના સૌથી જૂના, પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી ઉદ્યોગ મંચ તરીકે ફિક્કીની **100** વર્ષની સફળ યાત્રાને નોંધપાત્ર સીમાચિહ્ન ગણાવી.

અન્ય એક સત્રમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રોકાણકારોને રાજ્યમાં તેમનાં રોકાણ સુરક્ષિત અને ભવિષ્યમાં સારું વળતર આપશે તેવી બાંહેધરી આપી.

આ પ્રસંગે ફિક્કીના અધ્યક્ષ અનંત ગોએન્કાએ રાજ્યના ઉત્પાદન, સેવાઓ અને ડિજિટલ જાહેર માળખામાં રોકાણ વધારવા ફિક્કીની ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

**-----------------------------------------------------------------------------------------**

## દેશમાં ઘરેલુ **LPG** પુરવઠો સામાન્ય :

કેન્દ્ર સરકારે જણાવ્યું, દેશભરમાં ઘરેલુ **LPG** પુરવઠો સામાન્ય છે અને દેશભરમાં **LPG**ની અછતના કોઈ અહેવાલ નથી. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રાલય પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ અને **LPG**ના ભાવમાં વધારો થયો હોવા છતાં, સરકારે કોઈપણ વિક્ષેપ વિના **LPG**નો ઘરેલુ પુરવઠો સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે.

---

## પહેલગામ આંતકવાદી હુમલાની વરસી:

ભારતીય સેનાએ ગઈકાલે પહેલગામ આતંકવાદી હુમલાની પહેલી વરસીની પૂર્વસંધ્યાએ આતંકવાદ સામે લડવાના પોતાના દ્રઢ સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો. ગયા વર્ષે 22 એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ 26 નિર્દોષ લોકોની હત્યા કરી હતી, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ કાયરતાપૂર્ણ કૃત્યથી દેશ હચમચી ગયો હતો અને વિશ્વભરની સરકારો અને નેતાઓએ તેની નિંદા કરી હતી. પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતીય સશસ્ત્ર દળોએ ગયા વર્ષે 6 અને 7 મેની રાત્રે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

સેનાએ સોશિયલ મીડિયા સંદેશમાં આતંકવાદના ગુનેગારોને કડક ચેતવણી આપતા કહ્યું કે જ્યારે માનવતાની સીમાઓ ઓળંગવામાં આવે છે, ત્યારે જવાબ નિર્ણાયક હોય છે. ન્યાય મળે છે. ભારત એકતામાં ઉભું છે. સોશિયલ મીડિયામાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતું ડિજિટલ પોસ્ટર પણ હતું, જેમાં સંદેશ હતો: "કેટલીક સીમાઓ ક્યારેય ઓળંગવી ન જોઈએ. ભારત ભૂલતું નથી."

---

## આજે હર્ષ સંઘવીનો રોડ શો:

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જંગના જાહેર પ્રચારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે ભાજપના પ્રચાર જંગને વેગ આપવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે ભુજમાં રોડ-શો યોજી લોકોનું અભિવાદન ઝીલવા સાથે ભાજપના ઉમેદવારોને જીતાડવાની અપીલ કરશે.

આજે સાંજે હર્ષ સંઘવીનો રોડ-શો જ્યુબિલી સર્કલથી શરૂ થઈ પીજીવીસીએલ કચેરી રોડ, હોસ્પિટલ રોડ, વી.એચ. પટેલ સર્કલ, લાલ ટેકરી, અનમ રિંગરોડ, ધાટિયા ફળિયા, વ્હાઇટ બિલ્ડિંગ, નાગર ચકલા થઇ છઠ્ઠીબારી પાસે આ રોડ-શો સંપન્ન થશે. શ્રી સંઘવીના આગમનના પગલે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લા ભાજપના સ્થાનિક આગેવાનો રોડ-શોમાં સાથે જોડાશે.

---

## ચૂંટણીમાં આરોગ્ય વિભાગની ટીમ:

આગામી ૨૬ મી એ યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જાહેર આરોગ્યના અધિક નિયામકે જાહેર કરેલ પરિપત્રમાં જણાવાયું છે કે ગરમીના કારણે મતદાન કેન્દ્રો તથા મત ગણતરી કેન્દ્રો પર પ્રાથમિક સારવાર કીટ અને ઓઆરએસ ઉપલબ્ધ કરાવાશે. આરોગ્ય વિભાગ દ્વારા મોબાઈલ મેડિકલ ટીમ પણ બનાવવામાં આવશે. આ અંગે તમામ જિલ્લા આરોગ્ય અધિકારીને સૂચના આપવામાં આવી છે.

---

## જિલ્લામાં આચાર સંહિતા અમલી:

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત જિલ્લામાં આદર્શ આચાર સહિતાના અમલ માટે વિવિધ આદેશ જારી કરાયા છે. કલેક્ટરે લાઉડ સ્પીકર વગાડવા બાબતે પ્રતિબંધાત્મક હુકમ કર્યા છે તેમજ કોઇ  પણ રાજકીય પક્ષો, ઉમેદવારો, રાજકીય કાર્યકરો, સમર્થકોએ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ ન કરવા અને લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતાં પહેલાં સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવા જણાવાયું હતું. તા. 30 એપ્રિલ સુધી જિલ્લામાં વ્યક્તિઓની કોઇ મંડળી સભા અને સરઘસ, પરવાનગી સિવાય ભરવા માટે મનાઇ ફરમાવાઇ છે.આ જાહેરનામાનો ભંગ બદલ કાયદાકીય કાર્યવાહી કરાશે.

---

## આઈ.પી.એલ મેચ:

આઈ.પી.એલની  31મી મેચના  સનરાઈઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ સામે  47 રનથી જીત મેળવીને સતત ત્રી જીત નોંધાવી હતી. હૈદરાબાદના રાજીવગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ પરની મેચમાં હૈદરાબાદની ટીમના  અભિષેક શર્માના 135 રનના  આક્રમક બેટિંગના બળે દિલ્હીને  243 રનનનું લક્ષ્યાંક મળ્યુ હતું. પરંતુ દિલ્હીની ટીમ 20 ઓવરમાં  9 વિકેટે  195 રન જ બનાવી શકી હતી.

**દરમ્યાન આજે IPL 2026ની 32મી મેચ લખનઉ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાશે.**

**-----------------------------------------------------------------------------------------------**